PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/કવા–૦૩/૧૭–૧૮/ 2529-3 તા. 21-3-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
મે. રવી ટેક્નોફોર્જ પ્રા. લી.,
સર્વે નંબર : ૫૦ / પી–૧ ,
મુ : પીપળીયા,
ટોલ પ્લાઝા ની નજીક
રાજકોટ – ગોંડલ નેશનલ હાઈવે –૨૭,
તા. ગોંડલ,જી. રાજકોટ
મો: ૦૨૮૨૭– ૨૩૪૦૦૦

**વિષય :–ઓપન એકસેસ ના બીલીંગ બાબત**

સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૧૦–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૫/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.વજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 4...)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૨૫/કવા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૨૭–૧૨–૧૭ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: રવી ટેકનોફોર્જ પ્રા. લી., ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે ગૌરીશંકર બી. જોષી અને આર.એમ. બાવરવા હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ**

**રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા – ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ**

---

## : હુકમ :

**ફરીયાદ : ઓપન એક્સેસ ના બીલીગ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

**૧** અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે.

**૧.૧** અરજદાર જણાવે છે કે, તેઓના રવી ટેકનોફોર્જ પ્રા. લી. નામના એચ.ટી. જોડાણ નં.૨૭૪૨૯ છે. તેમા ૪૨૦૦ કેવીએ ની ડિમાન્ડ છે. તેઓ ઓપન એકસેસ માથી પાવર ખરીદે છે. તેઓએ ઓપનએકસેસ અને પીજીવીસીએલ માથી ખરીદ કરેલ પાવર ની તમામ વિગતો પીજીવીસીએલ પાસે છે. તેઓના જોડાણ નુ બીલીગ એબીટી મીટર ડેટા અને એસએલડીટી તરફથી એકસેલ શીટ મા મળેલ ડેટા મુજબ ગણતરી કરી અપાયેલ છે. જે મુજબ તેઓની રજુઆત નીચે પ્રમાણે છે.

(૧) અરજદાર ગ્રાહક ને આપવામા આવેલ બીલો મા – ડીમાન્ડચાર્જ ની ગણતરી ખોટી રીતે અર્થઘટન કરીને લેવાયેલ છે. તેમજ, તેઓએ પીજીવીસીએલ ની જરૂરી મંજુરી મેળવી અને બહાર થી પાવર ખરીદેલ છે. તેમ છતા, પીજીવીસીએલ તરફથી બહાર થી ખરીદ કરેલ પાવર નો ડિમાન્ડ ચાર્જ વસુલ કરાયેલ છે. જે પીજીવીસીએલ ની નિગમીત કચેરી ના પત્ર નં.: ૧૧૯૨૬ તા.૩૦–૧૨–૧૬ ની ગાઈડલાઈન મુજબ વસુલ કરાયેલ નથી. જેમા સ્પષ્ટ જણાવાયેલ છે કે – ઓપનએકસેસ ના ગ્રાહકો એ – પીજીવીસીએલ ની જેટલી ડિમાન્ડ વાપરેલ હોય, તેટલી જ ડિમાન્ડ નો ચાર્જ વસુલ કરવાનો હોય છે. ઓપનએકસેસ ના ગ્રાહકો પાસેથી ક્રોસ સબસીડી ચાર્જ – એડીશનલ સરચાર્જ – વ્હીલીગ ચાર્જ – ટ્રાન્સમીશન લોસ – વ્હીલીગ લોસ – એસ.એલ.ડી.સી. ચાર્જ અન્ય ઓપનએકસેસ ચાર્જ વગેરે તમામ પ્રકારના ચાર્જ વસુલ કરવામા આવે જ છે, તેથી ૮૫% નો મીનીમમ ડિમાન્ડચાર્જ – ઓપનએકસેસ ના ગ્રાહકો ને લાગુ પડે નહી.

(૨) તેમજ, અરજદાર જણાવે છે કે, ક્રોસ સબસીડી ચાર્જ – વ્હીલીગ ચાર્જ વગેરે ડ્રોઅલ યુનીટ પર લેવાનો હોય છે. પરંતુ, તેઓ પાસેથી શેડયુલ યુનીટ પર કયારેક નેટ યુનીટ પર અને કયારેક ડ્રોઅલ યુનીટ પર સદર ચાર્જ વસુલ કરેલ છે. તેમજ ૬૬ કેવી સપ્લાય મા વ્હીલીગ ચાર્જ અને વ્હીલીગ લોસ લેવામા આવતો નથી. જયારે ૧૧ કેવી સપ્લાય મા વ્હીલીગ ચાર્જ અને વ્હીલીગ લોસ બન્ને વસુલ કરવામા આવે છે, એટલેકે વ્હીલીગ ચાર્જ અને વ્હીલીગ લોસ માત્ર – જે યુનીટ વ્હીલ થાય – તેને જ લાગે. તેથી, તમામ ચાર્જ ડ્રોઅલ યુનીટ પર ગણતરી કરી અને વધારાનો ચાર્જ લીધેલ છે, તે જમા આપવા. તેમજ શેડયુલ યુનીટ માથી ટ્રાન્સમીશન લોસ બાદ કરી બાકી વધતા યુનીટ પર ૧૦% વ્હીલીગલોસ બાદ કરવાનો હોય, તેને બદલે શેડયુલ યુનીટ માથી ૧૦% વ્હીલીગ લોસ બાદ કરેલ છે, તે ખોટુ છે. જેથી તે મુજબ –તેઓને યુનીટ જમા આપવા પાત્ર થાય છે.

(૩) અરજદાર ના ઓપનએકસેસ બીલ મા નેટ એનર્જી યુનીટ અને તેના ડ્રોઅલ યુનીટ પર ની ગણતરી મા ભુલ છે.

(૪) ઓપનએકસેસ ગ્રાહકો ના ના બીલ મા ઈલેકટ્રીસીટી ડયુટી યુનીટ ના ચાર્જ પર ૧૫% મુજબ – અથવા વેચાણ કરેલ યુનીટ ઉપર – ૪૦/૫૫ પૈસા મુજબ – ભરપાઈ કરવાની હોય છે, તેમ છતા અરજદાર ના માસિક બીલ – તમામ વીજવપરાશી યુનીટ (પીજીવીસીએલ અને ઓપનએકસેસ દ્વારા ખરીદ કરેલ તમામ વીજવપરાશી યુનીટ ) ના બીલ પર ઈલેકટ્રીસીટી ડયુટી વસુલ કરેલ છે. જેથી, અરજદાર દ્વારા બહાર થી ખરીદ કરેલ – યુનીટ પર – જનરેશન વાળા ૪૦/૫૫ પૈસા મુજબ – ઈલેકટ્રીસીટી ડયુટી ભરપાઈ કરેલ હોય – જેથી, તેના ઉપર ઈલેકટ્રીસીટી

| | |
|---|---|
| ૨ | ડયુટી ફરી વખત વસુલી ન શકાય.<br>(૬) દરેક ગ્રાહક પાસેથી ઈલેકટ્રીસીટી ડયુટી ફકત એનર્જી ચાર્જ પર લેવાની હોય છે, છતા – ડિમાન્ડ ચાર્જ પર પણ – ઈલેકટ્રીસીટી ડયુટી વસુલ કરે છે. હવેથી ઈલેકટ્રીસીટી ડયુટી ફકત એનર્જી ચાર્જ પર જ વસુલ કરે છે. જેથી, અરજદાર દ્વારા ભરપાઈ કરેલ – ડિમાન્ડ ચાર્જ પર ની ઈલેકટ્રીસીટી ડયુટી – જમા આપવા વિનંતી.<br>આમ, ઉપરોકત મુજબ ની વિગતે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી તેમજ પીજીવીસીએલ દ્વારા રજુ કરાયેલ અહેવાલ મા – પીજીવીસીએલ જણાવે છે કે – ગ્રાહક શ્રી રવી ટેકનોફોર્જ પ્રા. લી. એચ.ટી. જોડાણ નં.૨૭૪૨૯ છે. તેમા ૪૨૦૦ કેવીએ ની ડિમાન્ડ – એચટીપી–૧ ટેરીફ મુજબ ધરાવે છે. અરજદાર ની રજુઆત ના અનુસંધાને – મુદદાસર જવાબ નીચે મુજબ ની વિગતે જણાવેલ છે.<br>• (૧) તેઓ જીઈઆરસી ના વખતો વખત ના નિયમ મુજબ – ઓપન એકસેસ દ્વારા પાવર ખરીદે છે. તે મુજબ – પીજીવીસીએલ દ્વારા પ્રવર્તમાન નિયમો અને પરીપત્ર મુજબ – અરજદાર ની બીલીંગ ડિમાન્ડ બાબતે જણાવાયેલ કે, અરજદાર અને પીજીવીસીએલ વચ્ચે થયેલ કરારનામા મુજબ અને જીઈઆરસી દ્વારા નકકી કરાયેલ ટેરીફ ઓર્ડર મુજબ કોઈપણ એચ.ટી. ગ્રાહક ને ૮૫% કરતા ઓછી બીલીંગ ડિમાન્ડ નુ બીલ આપવામા આવતુ નથી. અને આવો કોઈ લાભ કંપની ના અન્ય ઓપન એકસેસ ની ફેસેલીટી ધરાવતા કોઈપણ ગ્રાહક ને આપવામા આવતો નથી. સદર અરજદાર ની રજુઆત અન્વયે – માહે જુન–૧૩ થી માહે એપ્રીલ – ૧૪ ના સમયગાળા દરમ્યાન બીલીંગ ડિમાન્ડ મા – જે તફાવત આવેલ છે. તે મુજબ ડિમાન્ડ ચાર્જ ની રકમ વિભાગીય કચેરી દ્વારા રીફંડ આપવા માટેની પ્રપોઝલ વર્તુળ કચેરી મા મોકલી આપવામા આવેલ છે. જે મંજુરીની પ્રક્રીયા મુજબ કાર્યવાહી કરશે.<br>• (૨) પીજીવીસીએલ કંપની દ્વારા ઓપન એકસેસ ના ગ્રાહકો માટે જીઈઆરસી દ્વારા નકકી કરાયેલ વિવિધ ચાર્જ – જેવાકે ક્રોસ સબસીડી ચાર્જ – વ્હીલીંગ ચાર્જ વગેરે વખતો વખત નકકી કરવામા આવે છે, અને તે મુજબ ઓપન એકસેસ ના ગ્રાહકો પાસેથી વસુલવામા આવે છે. સદર ગ્રાહક ૬૬ કેવી સપ્લાય સાથે જોડાયેલ હોય – વ્હીલીંગ લોસ ૬૬ કેવી સપ્લાય સાથે જોડાયેલ ગ્રાહક પાસેથી એસએલડીસી દ્વારા વખતો વખત નકકી કરવામા આવે છે, તે મુજબ જ વસુલ કરવામા આવે છે.<br>• (૩) અરજદાર ની ફરીયાદ મા જણાવેલ કે – નેટ યુનીટ અને ડ્રોઅલ યુનીટ ની ગણતરી મા ભુલ છે, ઓપનએકસેસ ના ગ્રાહક ના એબીટી મીટર ના ડેટા ના આધારે કેટલા યુનીટ નો વીજવપરાશ દરેક ૧૫ મીનીટ મા કરાયેલ છે. અને કેટલા યુનીટ ખરીદવામા આવેલ છે, તે તમામ માહિતી નિયત કરેલ ફોર્મેટ મા અવલોકન કર્યા બાદ – નેટ અને ડ્રોઅલ યુનીટ ની ગણતરી કરવામા આવેલ છે. અને જો દરેક ૧૫ મીનીટ મા કરેલ વીજવપરાશ કરતા ખરીદી વધારે હોય તો – તેવા વધારાના યુનીટ ની ગણતરી કરવામા આવતી નથી.<br>• (૪) અરજદાર ની રજુઆત મુજબ ઓપનએકસેસ ના ગ્રાહકો જે બહાર થી યુનીટ ખરીદે છે, તેના ઉપર પીજીવીસીએલ દ્વારા ૧૫% ઈલેકટ્રીસીટી ડયુટી વસુલે છે, જે અંગે જણાવેલ કે – પીજીવીસીએલ દ્વારા કંપની ના વખતો વખત ના નિયમ મુજબ કાર્યવાહી કરે છે, અને સરકાર શ્રી દ્વારા જારી કરવામા આવેલ સુચનાઓ મુજબ જ ઈલેકટ્રીસીટી ડયુટી વસુલવામા આવે છે, અને પત્ર નં.: પીજીવીસીએલ / આરએન્ડસી/૧૧૯૨૬ તા.૩૦–૧૨–૧૬ મા દર્શાવ્યા મુજબ જ કાર્યવાહી કરવામા આવે છે.<br>• તદઉપરાંત, મૌખીક રજુઆત મુજબ ઉપરોકત મુદદા નં. ૨.૧ ના – પેટા મુદદા નં. (૧) થી (૪) મુજબ ની વિગતે – કોઈ ચોકકસ બીલ મા ગણતરી મા ભુલ થયેલ હોય તો – અરજદાર દ્વારા રજુ થયે નિયમાધીન યોગ્ય કાર્યવાહી કરવામા આવશે.<br>તદઉપરાંત, મૌખીક રજુઆત મુજબ ઓપન એકસેસ ના ગ્રાહકના પ્રશ્નો ના નિરાકરણ માટે , નામ. જીઈઆરસી ના નોટીફિકશેન ૧૩/૨૦૦૫ ના કલોઝ નં. ૨૭ મુજબ – અરજદારે રજુઆત કરવાની હોય છે. |

RAVI TECHNOFORGE

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | પીજીવીસીએલ ની મૌખીક રજુઆત કરી અને જણાવાયેલ કે, ઓપન એકસેસ ના ગ્રાહકના પ્રશ્નો ના નિરાકરણ માટે , નામ. જીઈઆરસી ના નોટીફિકેશન ૧૩/૨૦૦૫ ના કલોઝ નં. ૨૭ મુજબ – અરજદારે રજુઆત કરવાની હોય છે, તે અન્વયે – ના. જીઈઆરસી તરફથી ઓપન એકસેસ ના ગ્રાહકો માટે નવુ નોટીફિકેશન નં. ૦૩/૨૦૧૧ બહાર પડાયેલ છે.<br>તેમજ, અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંઘાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નિષ્કર્ષ થયેલ છે.<br>• (૧) અરજદાર ની રજુઆત મુજબ – ૮૫% નો મીનીમમ ડિમાન્ડ ચાર્જ ઓપન એકસેસ ના ગ્રાહકો ને લાગુ પડે નહી, જે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર ની રજુઆત મુજબ – પીજીવીસીએલ ના દરેક એચ.ટી. ગ્રાહક પાસેથી પ્રવર્તમાન ટેરીફ ઓર્ડર મુજબ જ ચાર્જ વસુલ કરવામા આવે છે. જે નિયમાઘીન છે.<br>વઘુમા અરજદારના સદર વીજ જોડાણ મા – બીલીગ ડિમાન્ડ એબીટી મીટર મુજબ અને પીજીવીસીએલ દ્વારા અપાયેલ માહે જુન–૧૩ થી માહે એપ્રીલ – ૧૪ ના વીજબીલ મા તફાવત હોવાથી તા.૧૬–૦૨–૧૭ ની અરજી અન્વયે – પીજીવીસીએલ દ્વારા જરૂરી દરખાસ્ત ની મંજુરી માટે ગ્રામ્ય વર્તુળ કચેરી – રાજકોટ ને મોકલેલ છે. જે હજુ પેન્ડીગ હોય – સદર બાબતે – પીજીવીસીએલ પક્ષકાર ને જરૂરી નિયમાઘીન કાર્યવાહી કરી અને અરજદાર ને રજીસ્ટર્ડ ટપાલ દ્વારા સદર બાબતે ની તમામ જાણકારી આપવી.<br>• (૨) અરજદાર ની રજુઆત – અન્વયે પીજીવીસીએલ દ્વારા સદર ગ્રાહક પાસેથી વ્હીલીગ ચાર્જ વખતો વખત ના ઓપન એકસેસ ના નિયમો મુજબ એસ.એલ.ડી.સી. દ્વારા નકકી કરવામા આવે તે મુજબ જ – વસુલ કરવામા આવે છે. તેમજ નામ. જીઈઆરસી ના નોટીફિકેશન નં. ૦૩/૨૦૧૧ ના ચેપ્ટર–૦૬ અન્વયે – મુદદા નં. ૨૩ મુજબ ની વિગતે વ્હીલીગ ચાર્જ ની વસુલાત અને મુદદા નં. ૨૪ મુજબ ની વિગતે ક્રોસ સબસીડી ચાર્જ વસુલાત કરવા જણાવેલ છે. ટ્રાન્સમીશન લોસ અને ડીસ્ટ્રીબ્યુશન લોસ – નામ. જીઈઆરસી ના નોટીફિકેશન નં. ૦૩/૨૦૧૧ ના ચેપ્ટર–૦૭ અન્વયે મુદદા નં. ૩૧ મુજબ ની વિગતે વ્હીલીગ ચાર્જ ની વસુલાત કરવા જણાવેલ છે.<br>• (૩) અરજદાર ની ફરીયાદ મુજબ પીજીવીસીએલ દ્વારા – ઓપનએકસેસ ના ગ્રાહક ના એબીટી મીટર ના ડેટા ના આઘારે કેટલા યુનીટ નો વીજવપરાશ દરેક ૧૫ મીનીટ મા કરાયેલ છે. અને કેટલા યુનીટ ખરીદવામા આવેલ છે, તે તમામ માહિતી નિયત કરેલ ફોર્મેટ મા અવલોકન કર્યા બાદ – નેટ અને ડ્રોઅલ યુનીટ ની ગણતરી કરવામા આવેલ છે. અને જો દરેક ૧૫ મીનીટ મા કરેલ વીજવપરાશ કરતા ખરીદી વઘારે હોય તો – તેવા વઘારાના યુનીટ ની ગણતરી કરવામા આવતી નથી.<br>• (૪) વિદ્યુત શુલ્ક નિયતદર કરતા વઘુ દરે પુરવઠેદાર દ્વારા ચાર્જ કરવામા આવતો હોય તો – ગ્રાહકે સદર બાબતે – જરૂરી આઘાર–પુરાવા સાથે – વિદ્યુત શુલ્ક સમાહર્તા ની કચેરી મા અરજી કરવાની રહેતી હોય છે.<br>ઉપરોકત મુદદા નં. ૩.૧ ના – પેટા મુદદા નં. (૧) થી (૪) મુજબ ની વિગતે અરજદાર દ્વારા ઓપનએકસેસ ના કોઈ ચોકકસ બીલ મા ગણતરીમા ભુલ હોય તે બાબતે કોઈ રજુઆત કરેલ ન હોય– વઘુમા, નામ. જીઈઆરસી ના નોટીફિકેશન નં. ૦૩/૨૦૧૧ ના ચેપ્ટર–૧૨ ના મુદદા નં. ૪૫ મુજબ ની વિગતે – " If any difficulty arises in giving effect to any of the provisions of these regulations, the Commission may by general or special order, direct the State Transmission Utility, State Load Dispatch Centre, intra-State licensees and the open access |

| | |
|---|---|
| | customer, to take such action, as may appear to the Commission to be necessary or expedient for the purpose of removing difficulties. '' જેથી, અરજદાર ને ઓપન એક્સેસ બીલ બાબતે કોઈ ફરીયાદ રહેતી હોય તો – નામ. જીઈઆરસી મા રજુઆત કરવી, તેમ સદર કેઈસ માં ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪:** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.